


૯૩ 卐 જેનો જન્મ થતાં મુમુક્ષુ હૃદયો ઉલ્લાસથી વિકસે; 卐 ૯૩
ઇન્દ્રો એ જિનસુતના જનમને આનંદથી ઉજવે.

૯૩ મી ગુરુ-જન્મજયંતી પ્રસંગે

કરુણાસાગર પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના
હૃદયસરોવરમાંથી વહેલાં

# અધ્યાત્મ-અમૃત-ઝરણાં




* બીજા બધાં ઉપાય કરતાં પહેલાં દર્શનશુદ્ધિનો ઉપાય સૌથી પહેલાં કર! ૧.

* વસ્તુને પકડે તેનું નામ આત્મા ઉપાદેય છે. ધારણામાં આ હેય છે, આ ઉપાદેય છે એમ કર્યા કરે તેનું નામ હેય-ઉપાદેય નથી, લક્ષ છોડી દેવું તેનું નામ હેય છે અને વસ્તુને પકડવી તેનું નામ ઉપાદેય છે. આત્મામાં એકાકાર થાય ત્યારે આત્મા ઉપાદેય થયો કહેવાય. રાગાદિનું લક્ષ છૂટી જવું તેનું નામ તેને હેય કર્યા કહેવાય. ૨.

* અનંત દ્રવ્યનો હું કર્તા નહીં, હું તેનો જાણનાર અનંત છું એમ પોતાના જ્ઞાનની અનંતતા બેસે તો રાગનો અંત આવી જાય છે. અનંત જ્ઞેયોને જાણી લેતાં, જ્ઞેયોનો અંત આવી જતો નથી પરંતુ પોતાના જ્ઞાનની અનંતતા જેને બેઠી તેને રાગની એકતા તૂટીને રાગનો અંત આવી જાય છે. ૩.

[ અનુસંધાન પાનું ૪ ]

## જિનશાસનને પ્રાણવંતુ બનાવનાર પૂજ્ય ગુરુદેવ....

અહા ! જે કહાનગુરુદેવે જિનમાર્ગનું રહસ્ય બતાવીને આપણને સાચા જૈન બનાવ્યા, સંતોનું અધ્યાત્મ જીવન કેવું હોય તે સમજાવીને જેમણે આપણને અધ્યાત્મજીવન જીવતાં શીખવ્યું, મોક્ષની સાધના આનંદમય છે એમ દેખાડી જેમણે આપણને દુઃખ અને કલેશના માર્ગથી છોડાવીને આનંદના માર્ગમાં વાળ્યા, જગતના વૈભવ-વિલાસની પામરતામાં રાચતા પામર જીવોને 'ભગવાન આત્મા'નું સંબોધન કરીને નિજપ્રભુતાનું ભાન કરાવ્યું, આત્મજીવનના ધ્યેય તરફ વારંવાર આપણને પ્રોત્સાહિત કર્યા, તેમ જેમણે 'ભાઈ! તારા ચૈતન્યના પુંજની નિધિને સંભાળ, બાકી બધું જે થવાનું હશે તે થશે'—એવી વારંવારની ટકોર દ્વારા સમસ્ત પ્રકારની બાહ્યવૃત્તિથી ઉપેક્ષાબુદ્ધિ કરાવીને લાખો જીવોને પ્રભુતાના પંથે પ્રયાણ કરવા પ્રબળ પ્રેરણા આપી એવા હે જીવનશીલ્પિ આત્મોદ્ધારક પૂજ્ય ગુરુદેવ! આજે વૈશાખ સુદ બીજના દિવસે મંગળકારી ૯૩મી જન્મજયંતીના ઉપલક્ષમાં દેશભરમાં તેમજ વિદેશમાં વસતા મુમુક્ષુઓ અનેકવિધ ગુરુભક્તિ કાર્યક્રમો દ્વારા આપના ઉપકાર મહિમાની ગુણગાથા ગાતા ગાતા આપને કોટી કોટી વંદન કરે છે.

પ્રભો! અમારા જીવનસર્વસ્વનો વીરહ આજીવન ભૂલાય એવો નથી, તો પણ ૪૬-૪૬ વર્ષો સુધી આપના કરુણાસાગર હૃદયમાંથી વહેલાં અધ્યાત્મ-અમૃત-ઝરણાંની અમારા હૃદયમાં જે જમવટ થઈ છે, જે સીંચન થયું છે તેનું સ્મરણ-મનન-ચિંતન કરી કરીને તેમજ પ્રવચન સાહિત્ય અને ટેપરૂપી ભાજનમાં ભરેલાં આપના વચનામૃતોથી અમારી અંતર સાધનાને પોષણ આપી આપીને આપની સાથોસાથ મુક્તિપુરીમાં પહોંચીયે એવી અમારી અંતરભાવના આપના આશીર્વાદથી સફળ થાઓ એ જ પ્રાર્થના....

[ અધ્યાત્મ–અમૃત..........ઝરણાં....પાનું ૨ થી ચાલુ ]

* દયા-દાન-પૂજા-ભક્તિ શાસ્ત્ર-વાંચવા સાંભળવા આદિના શુભભાવો અને ધંધો સ્ત્રી-પુત્ર ખાવા-પીવા આદિના અશુભભાવો તે બધાં ભાવોથી આત્મા રહિત ત્રણેકાળે હોવા છતાં, એનાથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું નરક-નિગોદનું મહા બીજ છે. ૪.

* દરિયાની મધ્યમાં વડવાગ્નિ હોય છે પણ દરિયો એને ભિન્નપણે રાખે છે, દરિયો પોતાને ચૂસવા ન દે. તેમ ચૈતન્યદરિયો રાગાદિને ભિન્ન રાખે છે. એકરૂપ થવા દેતો નથી. ૫.

* પરદ્રવ્યના થતા કાર્યનો આત્મા વ્યાપકપણે તો કર્તા નથી, પણ નિમિત્તપણે પણ કર્તા નથી. છતાં નિમિત્તપણે પણ જે કર્તાપણું માને છે તેને ભવિષ્યમાં નિગોદના કર્મ બંધનકાળે અને બોકડા કપાવાના કાળે નિમિત્તપણે રહેવું પડશે. કેમ કે તેના અભિપ્રાયમાં નિત્યપણે નિમિત્તપણું આવી પડે છે. પરના કાર્યકાળે ( આત્મા નિમિત્ત નથી પણ ) જોગ અને રાગ નિમિત્તપણે કહેવાય, પણ તે જોગ અને રાગનો જ્ઞાની તો નિમિત્ત થતો નથી જ્ઞાતા રહે છે તેથી કર્તા છે જ નહીં પણ અજ્ઞાની જોગ ને રાગનો નિમિત્ત થતો હોવાથી કર્તા થઈ મિથ્યાદૃષ્ટિ થાય છે. ૬.

* અજ્ઞાનીની ભૂલ હોય તે જાણવી પણ તેથી તેનો તિરસ્કાર ન હોય, એ પણ ભગવાન આત્મા છે ને! ઈ બિચારા અજ્ઞાનથી દુઃખી છે. દુઃખમાં બળ્યા–જળ્યાનો તિરસ્કાર કરવો ઈ ધર્મીનું કામ નથી. ૭.

* જેમ એક પડખે સૂતા સૂતા થાક લાગે એટલે પડખું ફેરવે છે તેમ પરથી મને લાભ થાય પરથી મને સુખ થાય એવી માન્યતાથી જેને થાક લાગ્યો છે ઈ પડખું ફેરવે છે. આત્માની તરફ વળે છે. ૮.

* ........ધીરો થઈને, જ્ઞાનને જરા વિચારમાં રોક. જેને ભુલવું મૂકવું છે, છોડવું છે, તેને બધાને ભૂલીને વિચાર કર. ગમે ત્યારે તો પરને તારે છોડવાનું જ છે તો અત્યારે જ એને ભૂલીને તું તને સંભાળ. ૯.

* ભલે થોડું જાણે પણ તે સાચું હોવું જોઈએ. જડને જાણવાનું પ્રયોજન નથી. પણ હું જડથી અને વિકારથી રહિત છું એવા પોતાના જાણપણા માટે જડને અને વિકારને જાણવાનું છે. ૧૦.

* જેમ નાના બાળકને કૂતરો કરડવા આવે ત્યાં તરત તે ત્યાંથી દૂર ભાગીને પોતાના મા-બાપ પાસે દોડી જાય છે, અને તેને ચોંટી પડે છે. તેમ પોતાનો આત્મા મહાન છે, ઈ મોટો આધાર છે, એને શરણે જા. ૧૧.

* ત્રિકાળી વસ્તુ ભૂતાર્થ છે તેની શક્તિઓ ભૂતાર્થ છે અને ગુણ-દ્રવ્યની દૃષ્ટિ વડે જે ધર્મ પર્યાય પ્રગટી ઈ પણ ભૂતાર્થ છે. ત્રિકાળી ચીજ અપેક્ષાએ વર્તમાન પર્યાય અભૂતાર્થ છે, પરંતુ રાગની અપેક્ષાએ ધર્મની પર્યાય ભૂતાર્થ છે ત્રિકાળી નથી ઈ અપેક્ષાએ અભૂતાર્થ છે. ૧૨.

* છોકરી ભાગી જાય ત્યાં દુઃખી દુઃખી થઈ જાય છે પણ આત્મા ભાગી ગયો છે અનાદિથી, ઈ જોને!........આત્મા વિકારમાં જાય છે ઈ શરમ કરને! ૧૩.

* આત્મદ્રવ્યમાં બે ભાગ છે તેથી તેમાં હેય-ઉપાદેયના બે પ્રકાર પડે છે. હવે જો બન્ને ભાગને ઉપાદેયરૂપ જ ગણવામાં આવે તો એક ઉપાદેય-રૂપમાં જ બે ભાગ શું? બે ભાગ જ સિદ્ધ ન થાય, ને બે ભાગ તો છે જ. તેથી બેમાંથી એક ભાગને હેય કરી બીજો ભાગ ઉપાદેયરૂપ થાય ત્યારે જ દૃષ્ટિનો વિષય ગ્રહણ થઈ શકે છે. આમ જ વસ્તુનું સ્વરૂપ છે. ૧૪.

* પંચ પદ શરણરૂપ છે એટલે કે પાંચ પદરૂપ આત્મા જ પોતાનો શરણરૂપ છે કહ્યું છે ને! કે વર્તમાનમાં સિદ્ધ દશા તો નથી તો સિદ્ધનું ધ્યાન કેમ હોય! જૂઠ-મૂઠ છે, અરે! અંદરમાં શક્તિરૂપ સિદ્ધ સ્વભાવ તો વર્તમાનમ મૌજુદ છે અને તેથી તેનું ધ્યાન કરતાં પ્રત્યક્ષ શાન્તિનું વેદન આવે છે. આત્મા સ્વભાવે ત્રિકાળ સિદ્ધ સ્વરૂપ જ છે. ૧૫.

* શુભ વિકલ્પને ઉત્પન્ન કરવો એ જ એક તો નપુંશકતા છે અને વળી શુભ વિકલ્પ તે જ હું તે તો નપુંશકતાથી પણ નપુંશકતા છે. ૧૬.

* કરોડ રૂપિયા ને અજબ એ બધી ધૂળ છે.

પ્રશ્નઃ—ભલેને આપ ધૂળ કહો પણ એની ખુરશી પહેલી પડે છે!

ઉત્તરઃ—નરકમાં એની ખુરશી પહેલી પડે છે. અરે! અહીં તો શુભભાવમાં બેસીને પોતાનો માને છે એ પણ નરકમાં બેઠો છે, મિથ્યાત્વ છે. ૧૭.

* અહો! પોતે ચેતન. જડની પાસે ભીખ માંગે છે, મને સુખ દ્યો. જેમ બાદશાહ વાઘરીને ઘેર ભીખ માગે કે મને ખાવાનું બટકું રોટલો આપો તેમ. આત્મા રાગરૂપે તો કોઈ દિ થયો નથી. ભેદરૂપે થયો નથી. અનેકરૂપે થયો નથી. એકરૂપતા કદી છોડી નથી. એનામાં ગુણના ને પર્યાયના ભેદ (વિકલ્પ) જેને ખટકે છે એને રાગથી થાય એ વાત જ ક્યાં છે? વીતરાગી ભગવાન કહે છે કે મારું સાંભળવા બેઠો છો પણ છે તો એ વિકલ્પ, ધ્યાન રાખજે (સ્વનું લક્ષ રાખજે) એમાં ફસાઈ જતો નહીં. ૧૮.

* અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભાવ છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે. એક દીવાન રાજના કામ માટે રાતના રાજની મીણબત્તી બાળી કામ કરતો હતો અને જ્યાં પોતાનું કામ કરવાનો વારો આવે ત્યાં તે રાજની મીણબત્તી ઠારીને પોતાના ઘરની મીણબતી કરે. પોતાના ઘરના કામ માટે રાજની મીણબતી ન વપરાય. ૧૯.

* અહો! સત્ય વાત બાળક કહે તો પણ સ્વીકારવા જેવું છે, સત્ય સ્વીકારવામાં પોતાનું હિત છે ને! એવું હિત કોણ ન કરે! ૨૦.

* પ્રશ્ન:—વાંચન–વિચાર આદિ શુભ ભાવો છઠ્ઠા ગુણસ્થાનવાળાને તો હેય છે પણ ચોથા-પાંચમાં વાળાને તો નિર્વિકલ્પતા બહુ કાળે આવે છે તેથી તેને શ્રદ્ધામાં હેય છે પણ ચારિત્રમાં તો ઉપાદેય છે ને?

ઉત્તર:—ચોથા-પાચમાં વાળાને પણ શ્રદ્ધા અને ચારિત્ર અપેક્ષાએ પણ હેય જ છે. એ પરિણામો આવે છે, હોય છે, પણ છે તો હેય જ. ૨૧.

* અરે! એને રૂદન પણ આવ્યા નહીં કે મને મારો વિરહ! ૨૨.

* જ્ઞાતા-દ્રષ્ટાના અનુભવ વિના અજ્ઞાનીને જે વિકલ્પ આવે છે ઈ એનું "કર્તવ્ય" બની જાય છે. ૨૩.

* એક છ મહિના એને રોગ રહે તોપણ રાડ પાડે છે પણ આ તો અનંત અનંતકાળથી મિથ્યાત્વનો રોગ એને લાગુ પડયો છે, એની એને રાડ પડતી નથી. આત્મભ્રાંતિ સમ રોગ નહીં. ૨૪.

* જેમ આંખમાં કણું ખટકયા કરે છે તેમ જ્ઞાનીને પર્યાયમાં રાગ થાય છે તે ખટકયા કરે છે. ૨૫.

* સદ્‌ગુરુએ માર્યા શબ્દોના બાણુ અને અંદર ખીલી નીકળ્યો ભગવાન. ૨૬.

* ઇન્દ્રિયના વિષયમાં જે આનંદ માને છે ઈ તો ઝેરના પ્યાલા પીવે છે. ૨૭.

* ગુણુ-પર્યાયની સ્વતંત્રતા અને દ્રવ્યની મહાનતા લક્ષમાં લેવાની છે. આટલી જ વાત મૂળ છે. દરેક પર્યાયની સ્વકાળલબ્ધિ જોતા નિમિતાધીન દષ્ટિ છૂટી જાય છે અને દ્રવ્ય સ્વભાવની મહાનતા જોતા પર્યાયદષ્ટિ—પર્યાયનું લક્ષ છૂટી જાય છે ને વસ્તુની દષ્ટિ થઈ જાય છે. ૨૮.

પ્રશ્ન:—રાગનું સ્વામિત્વ માત્ર છૂટે છે તે પર્યાયને વીતરાગ કેમ કહેવાય?

ઉત્તર:—અરે! રાગનું સ્વામિત્વ છૂટયું એટલે અભેદને—રાગ માત્રના અભાવ સ્વરૂપ એકને પકડ્યો. ઈ વીતરાગતા જ છે. ૨૯.

પ્રશ્ન:—આત્માનું ભાન ન થયું હોય ત્યાં સુધી તો ભવ-ભ્રમણ નહીં ટળેને?

ઉત્તર:—ભાન હજુ ભલે ન હો, પણુ મુઝાવું નહીં. જેને સ્વની રુચિ—સ્વ-સન્મુખની રુચિનો રસ થયો છે તેને પર તરફની રુચિનો રસ ઘટી ગયો છે. ૩૦.

પ્રશ્ન:—આ સ્વરૂપ લક્ષમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય?

ઉત્તર:—પુરુષાર્થ જોઈએ, પુરુષાર્થ જોઈએ. અંદરમાં શક્તિ પડી છે તેનું માહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ જ છે. પર્યાયની અપેક્ષાએ વસ્તુ અપ્રગટ કહેવાય છે. આમ તો વસ્તુ પણુ પ્રગટ જ છે કાંઈ આડુ ઢાંકણું નથી.

પ્રથમ વસ્તુનું માહાત્મ્ય આવવું જોઈએ, ભાન થાય તો માહાત્મ્ય આવે—એમ નહીં. કેટલાક એમ લઈ લ્યે છે, પણુ પહેલાં માહાત્મ્ય આવે તો માહાત્મ્ય આવતાં આવતાં ભાન થાય. ૩૧.

* વારંવાર શિષ્ય ગુરુથી સાંભળ્યા કરે છે ત્યારે ઊભો થાય છે. વારંવાર સાંભળવાથી વારંવાર જ્ઞાનના ખ્યાલમાં માહાત્મ્ય આવ્યા કરે અને તો જ વીર્ય ઉછળે. તેથી જ યોગસારમાં આનું જ શ્રવણ વિગેરે અનેક બોલો કહ્યા છે. ૩૨.

* ભોગના વિકલ્પો કરતાં અનર્થના વિકલ્પો આત્માને બહુ નુકશાન કર્તા છે. ભોગના વિકલ્પો તો અમુક કાળ જ હોય છે. ૩૩.

* પરમ અમૃત સ્વરૂપ ભગવાન આત્મા છે. અમૃત એટલે આત્મા મરતો નથી, અક્ષય છે અને અમૃત સ્વરૂપ એટલે અમૃતનો દરિયો, અમૃતનો મીઠો મહેરામણ. ૩૪.

* પરની કિંમત કરવા ગયો ત્યાં પોતાની કિંમત ભૂલી ગયો. ૩૫.

* અતીન્દ્રિયના નાથને જેણે નાથ્યો પ્રતીતિમાં લીધો અને અંદરમાં અનંત આનંદ પ્રગટ થાય છે. આનંદની ધારા વહે છે, જ્ઞાન એકલું ન હોય, સાથે આનંદની ધારા વહે છે. ૩૬.

* સાકરમાં એકલું ગળપણ જ ભર્યું છે. તેમ આત્મામાં એકલો આનંદ જ ભર્યો છે. એનો એક ક્ષણ વિશ્વાસ કરે તો આનંદનું ઝરમર ઝરમર ઝરણું ઝરે છે. વરસાદ વરસે છે, એને સુપ્રભાત કહે છે. (સુપ્રભાતના પરોઢીયે) ૩૭.

* પરમ અમૃત સ્વરૂપ ભગવાન છે પણ મૃતક કલેવરમાં મૂર્છિત થઈ ગયો છે, અંદરમાં મૂર્છિત થવાનું હતું પણ બહારમાં મૂર્છિત થઈ ગયો. ૩૮.

* પહેલા ચારિત્રદોષને ટાળવા પ્રયત્ન કરે છે તે કરતાં પહેલા દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર. ૩૯.

* પશુની વીષ્ટાના પોદળા (છાણુ) મળે ને બાયુ રાજી રાજી થઈ જાય છે, તેમ આ પૈસા ને મકાન વિગેરે પોદળા છે. વીષ્ટાના પોદળા અને આ ધનાદિમાં કોઈ ફેર નથી. ૪૦.

* અતીન્દ્રિય અમૃતનો સાગર જ આત્મા છે. એકલા અમૃત જ

ભર્યા છે. કેટલાય વિકલ્પોનો ભૂક્કો કર્યા પછી આની કોર વળી શકે છે. ૪૧.

* પ્રશ્ન:—જ્ઞાન–દર્શન–ચારિત્રના પણ આત્મામાં ભેદ નથી તો અભેદ શી રીતે થવું ? પર્યાયને અભેદમાં શી રીતે વાળવી ?

ઉત્તર:—રુચિથી આનો આ અભ્યાસ કરતાં કરતાં કોઈ ક્ષણે પર્યાય અંદરમાં વળી જાય છે. પછી તો બધી પર્યાય અંદરમાં જ વળ્યા કરે. ૪૨.

* સમયસાર એટલે સાક્ષાત્ ભગવાને કહેલા કથન, સાક્ષાત્ હથેલીમાં આત્મા બતાવે એવા કથન....૪૩.

* દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત તે આત્મા એમ ભેદથી સમજાવ્યું પણ વજન આત્મા ઉપર ગયું છે. ભેદ ઉપરનું લક્ષ ઉઠાવીને અભેદ આત્માનું લક્ષ કરાવ્યું છે. ૪૪.

* આની આ વાત બબ્બે ચચ્ચાર કલાક સુધી સાંભળે છે અને હકાર હકાર આવે છે, રાગનો નિષેધ આવે છે, આનું આ જ ઘૂંટણ ચાલે છે. એ શું કોઈ ક્રિયા નથી ? જડની અને રાગની ક્રિયા એ જ ક્રિયા હશે ? એનું (જ્ઞાનનું) માહાત્મ્ય આવતું નથી. આ સત્યનો જ હકાર આવે છે અને રાગનો નિષેધ-નકાર આવે છે. આ જ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે. ૪૫.

* જે કાળે જે ગુણની વિકારી કે અવિકારી જે પર્યાય થવાની તે જ થવાની, એ તો વસ્તુસ્થિતિ જ છે. શુભરાગ કે અશુભરાગ જે આવવાનો તે જ આવવાનો. પણ ઉપદેશ એમ ન હોય !

પ્રશ્ન:—પુરુષાર્થ કામ ન લાગે-ફેરવી ન શકે ?

ઉત્તર:—ફેરવી શું શકે ? રાગની રુચિ ફેરવી નાખવી એ જીવના પોતાના અધિકારની વાત છે, પછી રાગ તો જે આવવાનો તે જ આવવાનો, પુરુષાર્થ આનીકોર વાળવાનો છે (સ્વભાવની દિશામાં). પુરુષાર્થ સ્વભાવની દિશામાં વળ્યો પછી પણ રાગ મંદ કે તીવ્ર જે આવવાનો તે જ આવવાનો, પણ તેનોય જ્ઞાતાપણે જાણનાર છે. અજ્ઞાનીને પણ રાગ જે આવવાનો તે જ આવવાનો પણ ઈ જે રાગ થાય છે તેનો કર્તા બને છે. ૪૬.

* આત્માને વેદન દ્વારા જાણ્યો તેણે ૧૪ બ્રહ્માંડ અને
જાણી લીધા. જેની કળામાં કેવળજ્ઞાનના ભણકાર વાગે. જેને
કેવળજ્ઞાન ભાસ્યું છે, તે અલ્પકાળમાં કેવળજ્ઞાન લઈને રહેશે.

પ્રશ્ન :—જીવ રાગ–દ્વેષની પર્યાયને ન ફેરવી શકે, પણ
પર્યાયને ફેરવી શકે એમને?

ઉત્તર : – બધી પર્યાયને ફેરવી શકે એટલે ન ફેરવી શકાય
કરવા જાય ત્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે ત્યાં પર્યાયની દિશા
ફરી જાય છે. જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જે
છે, ફેરવવું ને ન ફેરવવું શું? જેમ છે તેમ છે નિયતનો નિ
જાય ત્યાં જ સ્વભાવનો પુરુષાર્થ સાથે છે જ અને રાગ પણ
ગયો છે. જ્ઞાનસ્વભાવ છું એમ નક્કી થઈ ગયું પછી બધું જેમ
છે. ગ્રહવા યોગ્ય બધું ગ્રહાઈ ગયુ ને છોડવા યોગ્ય બધું
જ્ઞાતાનો પુરુષાર્થ ચાલુ જ છે. રાગ ઘટતો જાય છે એટલે પૂર્ણ
થઈ જશે. ૪૮.

* જિજ્ઞાસુ:—ન્યાલ થઇ જાય એવી આ વાત છે.

પૂજ્ય શ્રી :—ન્યાલ શું? અંતર મુહુર્તે મોક્ષ થાય એવી વાત
તો સાધક થયો એટલે અસંખ્ય સમયે તો મોક્ષ લીધે જ છૂટકો.

* વર્તમાન–વર્તમાન વર્તતી ચાલુ કાળની જ્ઞાન પર્યાય
જ્ઞાયકનો જ એક અંશ છે, તેને અંતરમાં વાળતાં "ચૈત
જ્ઞાનમાં આવે છે. અવયવ દ્વારા અવયવી ખ્યાલમાં આવે છે.
પર્યાયને અંતરમાં વાળીને જોવે તો તારો ચૈતન્યસૂર્ય તને ખ્યાલમ
તેનો પ્રકાશ તને દેખાશે. ૫૦.

* આ સમયસારમાં કેવળીના પેટ ખોલીને છેલ્યાાં છેલ્

* જગતને અજ્ઞાને લૂંટયું છે ને! એવો કોઈ લૂંટારો જગતમાં નથી, ધોળે દિવસે જગતને લૂંટયું છે. ૫૩.

* દેહ તો રોગની મૂર્તિ છે, ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. મૃતક દેહમાં ભગવાન અમૃતનો સાગર મૂર્છાણો છે. ભાઈ! એકવાર તું તને જો, બીજાને જોવામાં અંધ થઈ જા અને તને જોવામાં હજાર આંખોથી તને જો. ૫૪.

* જેમ એક લોખંડના મોટા ગોળામાં એટલું બળ છે કે તે નીચે પડે તો નીચેના પત્થરના ભુક્કા કરી નાખે છે, તેમ આત્મામાં જ્ઞાનબળ, ચારિત્રબળ, વીર્યબળ એમ અનંત બળ છે તે કર્મનો અને અશુદ્ધતાનો ભુક્કો કરી નાખે છે. ૫૫.

* આ વાત માટે ઘણો પુરુષાર્થ જોઈએ, ઘણી પાત્રતા જોઈએ, પુણ્ય-પાપમાંથી સુખબુદ્ધિ ઉડી જવી જોઈએ, સુખબુદ્ધિ કહો કે હિતબુદ્ધિ તે ઉડી જવી જોઈએ. ૫૬.

* આચાર્ય આત્માની વાત કહે છે ત્યારે કોઈ કહે કે અમને કાળ પાકવા દ્યો, કષાયની મંદતા થવા દ્યો, કાંઈક વ્યવહાર સુધારવા દ્યો, ઈ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ફેરવી રહ્યો છે. ૫૭.

* જ્ઞાનની વર્તમાન પર્યાય અંદરમાં વળે એનું નામ જાણપણું છે, ધારણા થઈ ગઈ ઈ જાણપણું નથી. આત્મા અનુભવમાં લેવો એનું નામ ખરું જાણપણું છે. ૫૮.

* ભગવાનની વાણીમાં ચૈતન્યહીરો સરાણે ચડયો છે, ઇ સાંભળવા મળે ઇ પણ હીરાની કણીયું છે. ૫૯.

* વર્તમાનમાં એક જરાક પ્રતિકૂળતા આવે તો ઇ એનાથી સહન થતી નથી. છતાં ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવશે તેની દરકાર નથી. ૬૦.

* વિષય-કષાયની રુચિ તો છૂટી નથી અને માત્ર જાણપણું છે ઇ જાણપણાને નામે આત્માને છેતરે છે, ઠગે છે. ઇ જાણપણું જ નથી. સાચું જાણપણું થતાં તો વિષય-કષાયની રુચિ છૂટી જાય. ૬૧.

* પર્યાયનો ફેર ભાંગવા માટે દ્રવ્ય-ગુણમાં ફેર નથી એવી દૃષ્ટિ કરતાં પર્યાયનો ફેર ભાંગીને પરમાત્મા થાય છે. ૬૨.

* અજ્ઞાનીની વિદ્વતા તેના આત્માને સળગાવી મૂકે છે. ૬૩.

* આત્માના સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જેવી કોઈ નિરુપાધિ નથી અને અંદરમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વ જેવી કોઈ ઉપાધિ નથી. ૬૪.

* છેલ્લા સ્વયંભૂ રમણ સમુદ્રના તળીયે એકલા રત્નો જ ભર્યા છે રેતી નથી, તેમ ભગવાન આત્માના તળમાં-સત્ત્વમાં એકલી ચૈતન્ય શક્તિઓરૂપ રત્નો જ ભર્યા છે એના તળમાં રેતી અર્થાત રાગાદિ નથી. ૬૫.

* ખરેખર તો રાગથી વિરક્તિ (ભિન્નતા) એને શીલ કહેવાય છે. આવું શીલ નરકમાં પણ વેદનાને ગણતું નથી. આ તો બહુ ધીરજથી સમજવા જેવું છે. જેમ દરિયાના પાણી સળી વડે ઉલેચવા હોય તો કેટલી ધીરજ જોઈએ! ૬૬.

* આત્માનો અનુભવ જેને થાય છે તેને આત્માના આનંદ પાસે ઇન્દ્રના ઇન્દ્રાસન અને ઇન્દ્રાણીના વિષય પણ સડેલાં બીલાડા અને સડેલાં કૂતરા જેવા લાગે છે. ૬૭.

* જ્યાં સુધી આત્મામાં સુખ છે એવો ભાસ ન થાય અને પરમાં સુખ નથી એવો ભાસ ન થાય ત્યાં સુધી એને આત્માનો અનાદર વર્તે છે. ૬૮.

* બાપુ! આ તો પચાવીને પરિણમાવવાની વાત છે. વાદ-વિવાદની વાત નથી. વાદ-વિવાદમાં મૌન થઈ જવું પડે...... શાસ્ત્રમાં આમ લખ્યું છે ને તેમ લખ્યું છે...... આ તો વીતરાગતા ઊભી કરવાની વાત છે. ૬૯.

* સમ્યગ્દૃષ્ટિકી લૌકિકનીતિ ભી અલૌકિક-દૂસરી જાતિકી હોતી હૈ! ૭૦.

* પરદ્રવ્યથી બિલકુલ લાભ ન થાય એમ પહેલાં વિકલ્પ સહિત નિર્ણય કરે તો એનું વીર્ય સ્વ તરફ વળશે. પરથી કાંઈ પણ લાભ થાય એમ રહેશે તો એનું વીર્ય આત્મા તરફ નહીં વળે. ૭૧.

* પ્રશ્ન:—પર્યાયની પ્રશંસા કેમ?

ઉત્તર:—શું પર્યાયની પ્રશંસા પર્યાયની જેટલી નથી? અર્થાત્ છે પણ દ્રવ્યનું માહાત્મ્ય તો એથી અનંતગણું છે. શુદ્ધ પર્યાય એ તો ભગવાનની પ્રજા છે, ને દ્રવ્યને પડખે ચડીને અભેદ થઈ ગઈ તે પર્યાયનું પણ માહાત્મ્ય છે. ૭૨.

* પ્રશ્ન:—વ્યવહાર બંધનું કારણ છે તો અમારે કરવો કે નહી?

ઉત્તર:—ઈ પ્રશ્ન જ ક્યાં છે! પણ જબરદસ્તિ વ્યવહાર—વિકલ્પ આવ્યા વિના રહેશે જ નહીં. ૭૩.

* આત્માને કોઈ વિકલ્પથી લાભ થાય એમ માનવું તે આત્માનું ખૂન છે. ૭૪.

* હેઠલી વાતના ઠેકાણા ન હોય તેને ઉપલી વાત આ બેસશે શી રીતે? પાત્રતા રૂપ નીચલી વાતનું ઠેકાણું ન હોય તેને ઉપલી વાત અર્થાત્ અધ્યાત્મના અલૌકિક વાત શી રીતે બેસી શકે? ૭૫.

* હું વાણીયો છું એમ તો નહીં પણ હું માણસ છું એમ માનનારે જીવને મારી નાખ્યો છે, હું અલ્પજ્ઞાનવાળો છું, હું રાગનો કરનાર છું એમ માનનારે એના જીવતાં જીવને મારી નાખ્યો છે, એનો અનાદર કરવો ઈ જ એને માર્યો છે. ૭૬.

* વિકલ્પાત્મક નિર્ણયથી મને લાભ થશે એમ માન્યું અણે તો મિથ્યાત્વને સમુક્ દૃઢ કર્યું. શુભભાવથી લાભ માને તેમ આમાં પણ મિથ્યાત્વ દૃઢ થાય છે. ૭૭.

* એક પ્રશ્ન મગજમાં એવો આવ્યો હતો કે ધનાર્થી છે તે આત્માર્થી નહીં અને આત્માર્થી છે તે ધનાર્થી નહીં. ધનાર્થીમાં આબરૂ, માન આદિનો અર્થી બધું એમાં આવી જાય છે. ૭૮.

* પ્રતિકૂળતામાં જેને દ્વેષ આવે છે તેને અનુકૂળતાનો રાગ પડ્યો જ છે. દ્વેષના પેટમાં રાગ પડ્યો છે, રાગના પેટમાં દ્વેષ પડ્યો છે. આ મિથ્યાત્વના રાગ–દ્વેષ છે, અસ્થિરતાના રાગ–દ્વેષ તો જ્ઞેયમાં જાય છે. ૭૯.

* શરીરમાં અનંતી વેદના હોય તેથી આત્માને શું? આત્માની સાથે

એકત્વ કરવામાં કોઈ નડતું નથી. સરોગતા હોય તો સ્વમાં એકત્વ ન થાય નિરોગતા હોય તો થાય એવું નથી. મનુષ્યત્વ હોય તો સ્વમાં એકત્વ થાય નારકી હોય તો ન થાય એવું છે જ નહીં. ૮૦.

* આ જીવનું અંદર રુચિથી રટણ અને ઘૂંટણ ઈ અંદર આગળ જવાનો રસ્તો છે. સ્વરૂપ પ્રત્યે એને પ્રેમની જરૂર છે. જ્ઞાન ઓછું વધતું હોય તેનું કાંઈ નહીં. ૮૧.

* સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજુ જેને ઠેકાણા નથી, મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ ઠેકાણા નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના ઠેકાણા હોય તેમ બને નહીં. ૮૨.

* ત્રણ લોકના નાથ સર્વજ્ઞની પાસે પણ હિતની કામના રાખવી એ પણ ભ્રમ છે, બીજા દેવ–દેવલાની તો શું વાત! ૮૩.

* અહો! જુઓને! દરેક ક્ષણે ઈ મૃત્યુની નજીક જઈ રહ્યો છે પણ જો ઈ આત્માની સન્મુખ નહીં જાય તો મૃત્યુના વખતે ઈ મુંઝાઈ જશે. ૮૪.

* આચાર્યના મુખથી નીકળેલ અને સમસ્ત પાપક્ષયના હેતુભૂત એવા પ્રતિક્રમણ આદિ રૂપ શુભભાવ ગ્રહણ કરવા યોગ્ય નથી. કેમ કે તે પૌદ્ગલિક વચનમય હોવાથી સ્વાધ્યાય છે. અહા! અહીં પાપક્ષયના કારણભૂત એવા દ્રવ્યશ્રુતને પુદ્ગલમય હોવાથી ગ્રહણ કરવા યોગ્ય નથી તેમ કહીને એકલો આત્મા જ ગ્રહણ કરવા પ્રેરણા આપી છે. ૮૫.

* પરને જાણવા ઈ તારી મોટપ છે પણ પરને પોતાના માનવા ઈ તારી મોટપ નથી, પરંતુ ઈ તો તારી નીચતા છે, હલકાપણું છે. ભીખારી થઈને ભગવાન રખડે છે. ૮૬.

* અરે! એણે કોઈ દિ' એની દરકાર કરી નથી. બહારમાં અહીંથી મળશે ને અહીંથી મળશે એમ બહારમાં જ ઈ ફાંફાં મારીને સમ્મેદશિખરમાંથી મળશે ને બીજે કયાંકથી મળશે એવી ભ્રમણામાં ઈ પોતાને ખોઈ બેઠો છે. ૮૭.

બાહ્યવૈભવોમાં સુખ માનવું તે વીષ્ટામાં સૂવું ને તેમાં સુખ માનવા જેવું છે. ૮૮.

* સમયસાર કળશ ૧૮૯માં આચાર્યદેવે કહ્યું કે, શુભભાવરૂપ પ્રતિક્રમણ આદિનો જે અમે નિષેધ કર્યો તે તો શુદ્ધ ભાવરૂપ અપ્રતિક્રમણમાં જવા માટે કર્યો છે, એને બદલે જીવો પ્રમાદી થયા થકાં નીચે નીચે કાં જાય છે? ઊંચે ઊંચે કેમ જતા નથી. આ વાત ચાલતા પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે અહીં આપણે સાંજના પ્રતિક્રમણ તો હોય નહીં ઈ તો અજ્ઞાનીને હોય, એટલે પોતે સાંજના સંધ્યાટાણે હવા ખાવા–ફરવા નીકળી પડે, ઈ તો અશુભમાં ગયો, સાંજના સંધ્યાટાણે તો ધર્મી ધ્યાનાદિ કરે–વિગેરે... ૮૯.

* ભવિષ્યની પર્યાયની અપેક્ષાએ ભૂતકાળની પર્યાય અનંતમાં ભાગે છે અને ભૂતકાળની અપેક્ષાએ વર્તમાન એક સમયની પર્યાય અનંતમાં ભાગે છે અને ગુણ તો ત્રણેકાળની પર્યાયનો પિંડ છે. આમ વસ્તુ કાળે અને ભાવે એક સમયના પર્યાય કરતાં અનંતગુણી મોટી છે. પર્યાય તો કાળે અને ભાવે વસ્તુથી અનંતમાં અનંતમાં ભાગે છે. વસ્તુના આવા મહાન અસ્તિત્વની દૃષ્ટિમાં એક સમયની પર્યાય તે ભલે પર્યાયપણે સત હો, પણ આવા મહાન દ્રવ્યની દૃષ્ટિમાં એક સમયની પર્યાય પણ અભૂતાર્થ છે. ૯૦.

* કેવળજ્ઞાનની એક સમયની પર્યાય એવડી છે કે ત્રણકાળ ત્રણલોક તેમાં જણાય છે પણ સામા જ્ઞેય છે માટે કેવળજ્ઞાન છે એમ નથી અને કેવળજ્ઞાન છે માટે લોકાલોક જ્ઞેય છે એમ નથી. અનંતા કેવળી અને સિદ્ધો પણ જ્ઞેય છે. તે જ્ઞેયને લઈને સાધક જીવને કેવળીનું બહુમાન આવતું નથી. પરંતુ પોતાની કમીને લઈને બહુમાન આવે છે. ૯૧.

* અહો! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે! ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. ઓહો! આ હું! આવા આત્માનાં દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૯૨.

* આત્મા અને રાગની સંધિ અતિ સૂક્ષ્મ છે, ઘણી જ દુર્લભ છે, દુર્લભ છે તોપણ અશક્ય નથી. જ્ઞાન ઉપયોગને અતિ સૂક્ષ્મ કરતાં–ઝીણો કરતાં લક્ષમાં આવી શકે છે, પંચમહાવ્રતના પરિણામો કે શુક્લલેશ્યાના કષાયની મંદતાના પરિણામો તે અતિ સૂક્ષ્મ કે દુર્લભ નથી પણ આત્મા અતિ સૂક્ષ્મ છે. તેથી ઉપયોગ અતિ સૂક્ષ્મ કરવાથી આત્મા જાણવામાં આવે છે. ૯૩.

સંતોના કોલકરાર :

## અમે જ્યારે સિદ્ધપણાને પામશું ત્યારે શ્રોતાઓ પણ સિદ્ધપણાને પામશે જ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસારશાસ્ત્ર ઉપર સભામાં ઓગણીસમી વખત પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો શરૂ થયા ત્યારે તા. ૧૨–૯–૭૮ના રોજ પહેલી ગાથા ઉપર અધ્યાત્મ ઘોલનની મસ્તીથી ખૂબ જ ભાવવાહી શૈલી દ્વારા શ્રી કુંદકુંદદેવના તથા શ્રી અમૃતચંદ્રદેવના ઊંડા ઊંડા ભાવોનું શ્રોતાઓને અમૃત પાન કરાવતાં આશીર્વચનરૂપે તેઓશ્રીએ ફરમાવ્યું કે આચાર્યદેવ એમ કહે છે કે જે અનંતા અનંતા સિદ્ધો થઈ ગયા તેને મારી અને શ્રોતાની પર્યાયમાં સ્થાપું છું. પ્રભુ ! મારી પર્યાયમાં આપ પધારો. મારી પર્યાય આપને પધરાવવા જેવી લાયક છે. અનંત સિદ્ધોને મારી ને તારી અલ્પજ્ઞ પર્યાય સંઘરી શકે એવી તાકાતવાળી છે. જેમ વાર-કવાર હોય ને આગળના શુભદિને પસ્તાનું મૂકે તેમ અત્યારે વાર–કવાર-પંચમકાળ હોવાથી અમે પર્યાયમાં અનંતા સિદ્ધોનું પસ્તાનું મૂક્યું છે તેથી અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. શ્રોતાઓમાં પણ અમે અનંતા સિદ્ધો સ્થાપીએ છીએ તેથી જ્યારે અમે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે જ— એમ આચાર્યદેવ શ્રોતાને આશીર્વચન કહે છે. આચાર્ય મહારાજ કહે છે કે તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું કે તું તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો અને તું પણ તેમ જોઈ શકે છો આહાહા ! કોણ જાણે આ ગાથામાં શું શું ભર્યું છે ! કહે છે કે અમે કેવળી પાસે જે સાક્ષાત સાંભળ્યું છે ને શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે તથા અમને અનુભવથી બેઠું છે એવું આ સમયપ્રાભૃત જેને કહીશ તે સિદ્ધપણું પામશે જ. તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે ને રાગપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને

સર્વજ્ઞ થઈશ—એમ હે શ્રોતા! તું નિઃસંદેહ જાણ આહાહા! જોર તો કેટલું છે! સિદ્ધને હેઠે ઉતારે છે! પ્રભુ! તમે ઉપર અમે હેઠે. તમે જરી અહીં આવો, હું પછી તમારી પાસે આવીશ. પ્રભુ! આપ મારી પર્યાયમાં પધારો પછી જ્યાં તમે છો ત્યાં હું આવીશ. એ રીતે સિદ્ધોને પર્યાયમાં સ્થાપીને શુદ્ધાત્માને કહીશ તેથી તેને લક્ષમાં રાખીને અમારી વાત સાંભળજે. એમ આચાર્ય મહારાજ મંગલિકરૂપે પહેલી ગાથા કહે છે.

—પૂજ્ય ગુરુદેવ

## * તારા પરમાત્મસ્વરૂપની ધૂન લગાવ *

નિરંતર કલ્યાણમય એવા પરમાત્મતત્ત્વને વિષે દેહ-મન-વાણી ઉદયભાવ તો નથી જ, રાગ તો નથી જ પણ ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. આહાહા! પરમાત્મતત્ત્વ તો સદાય શુદ્ધ જ છે. પર્યાયમાં ધ્યાનની જમવટ જામી છે, આનંદની પરિણતિ જામી છે એવી પર્યાય પણ પરમાત્મતત્ત્વમાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. આહાહા! પોતાને પામર...પામર....પામર માની લીધો છે એને પોતે સદાય પરમાત્મા છે એમ બેસવું કઠણ પડે છે. તેણે પોતાને સાધારણ પ્રાણી માની લીધો છે. હું માણસ છું ને ઢોર છું, રોગી છું, ભોગી છું, ભીખારી છું એવું હીનપણું માની લીધું છે, તેને અંદરનું પરમાત્મપણું બેસવું કઠણ પડે છે. પણ અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મ-સ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ.

—પૂજ્ય ગુરુદેવ

સંતો કહે છે કે અમે ભગવાનને અનુસરીને તને કહીએ છીએ કે

## તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા.

પંચમ આરાના મુનિ પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાઓને સંબોધે છે કે નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે, ભલે નિગોદમાં ન પરિણમી શકે પણ નિગોદને અનાદિ શાંત કરીને, મનુષ્ય થઈને પંચમ પારિણામિકભાવનો અનુભવ કરીને સિદ્ધનો સાદિ-અનંત ભાવ પ્રગટ કરી શકે છે, તો હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છે. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી? અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીએ છીએ માટે તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો. અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્ય નિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી. તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો—એમ નિઃસંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા!

—પૂજ્ય ગુરુદેવ

# પંચમ-આરાના શિષ્યના હૃદયમાં આત્માને અનુભવવા ઉછળતો ઉમળકો

પાંચમા આરાનો શિષ્ય પાંચમાં આરાના સાધુને-ગુરુને પૂછે છે કે પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના નાથ શુદ્ધાત્માને અનુભવો છો, પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના સ્વાદ લ્યો છે, પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીવો છો તો મને પ્રશ્ન થાય છે કે એવો આત્મા કોણ છે ને કેવો છે તે જરી કૃપા કરીને બતાવોને? શિષ્યને અંદર હૃદયમાંથી શુદ્ધાત્માને અનુભવવાનો ઉમળકો આવ્યો છે તેથી ગુરુને પૂછે છે કે પ્રભુ! આપ શુદ્ધાત્માને અનુભવો છો તો અમને પણ બતાવો ને કે એ શુદ્ધાત્મા કેવો છે તે જરી કહોને પ્રભુ! શિષ્યને શુદ્ધાત્માને અનુભવવાનો હૃદયમાંથી ઉમળકો આવ્યો છે. અંતરમાંથી જિજ્ઞાસા ને તાલાવેલી થઈ છે કે પ્રભુ! શુદ્ધાત્મા કઈ રીતે પ્રાપ્ત થાય ને કઈ રીતે અનુભવાય તે જરી બતાવોને! પ્રભુ! તમે શુદ્ધાત્માના આટલા આટલા વખાણ કરો છો પણ એ આત્મા અમને જાણવામાં આવ્યો નથી તો એ અમારે જાણવો છે. નવતત્ત્વ શું છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર શું છે એ શિષ્યનો પ્રશ્ન નથી પણ શુદ્ધાત્માને અનુભવવાનો પ્રશ્ન ઊઠ્યો છે તેથી પૂછે છે કે પ્રભુ! આપ તો આત્માના વેદનમાં અનુભવમાં પડ્યા છો તો એ શુદ્ધાત્મા પ્રભુ! કેવો છે તે જરી કહોને! મને એક પામર શિષ્ય તરીકે ગણીને આમ શુદ્ધાત્માનું કેમ પૂછે છે બીજું મૂકી દઈને આમ કેમ પૂછે છે એમ ન ગણશો નાથ! દેહ—દેવળમાં અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ બિરાજે છે એની આપે મને ખાત્રી કરાવી છે પણ હવે એ શુદ્ધાત્મા કેવો છે કે જેનું સ્વરૂપ જાણતા વેદનમાં આવે-એવું કાંઈક કહોને પ્રભુ! શિષ્યે એમ પૂછ્યું નથી કે પ્રભુ પૈસા કેમ થાય ને પુણ્ય કેમ થાય પણ એમ પૂછ્યું છે કે અતીન્દ્રિય આનંદથી ભરેલો દરિયો જેને આપ અનુભવો છો એ કોણ છે, કેવો છે કે જેને ભગવાન અરહંત અનુભવે છે! ગણધર અનુભવે છે અને આપ પણ પ્રચુર આનંદને અનુભવો છો એ શુદ્ધાત્મા કોણ છે—એ જાણવાની અને અનુભવવાની શિષ્યને ઉમ્મીદ થઈ છે તેથી પૂછે છે કે એ શુદ્ધાત્મા કોણ છે ને કેવો છે કે જેનું સ્વરૂપ જાણવાથી અનુભવ થાય તે મને બતાવો પ્રભુ!

—પૂજ્ય ગુરુદેવ

# પ્રભુ ! તારામાં ને સિદ્ધમાં કાંઈ તફાવત નથી.

સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં ભેદ ક્યા નયથી જાણું ?–એમ કહીને વ્યવહારનયની તુચ્છતા બતાવી છે. વ્યવહારનયની કાંઈ ગણુતરી જ કરી નથી. અરે પ્રભુ ! તારામાં ને સિદ્ધમાં કઈ નયથી ફેર ગણું ?—વ્યવહારનયથી ... પણ વ્યવહાર કાંઈ ગણુતરીમાં નથી. આ સંસારી ને આ સિદ્ધ એ કઈ રીતે ભેદ પાડું ? કઈ નયથી ફેર પાડું ? વ્યવહારનયની તો ગણુતરી જ નથી.

અરે પ્રભુ ! તું પૂર્ણાનંદનો નાથ છો ને ! તારી સત્તા છે.... છે.... છે.... ત્યાં નજર જતી નથી. નજરના પુરુષાર્થમાં આખો ભગવાન દેખાય છે. અહીં તો આચાર્યદેવ કહે છે કે સંસારીમાં ને સિદ્ધમાં કઈ નયથી ભેદ પાડું ? શુદ્ધનયને જ ગણવામાં–ગણુતરીમાં લેવામાં આવી છે. વ્યવહારનો તો ઉપહાસ કરવામાં આવ્યો છે. સંસારીમાં ને સિદ્ધમાં કાંઈ પણ ભેદ નથી. તો કઈ નયથી ભેદ જાણું ?

પ્રભુ પૂર્ણાનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં સુબુદ્ધિ ને કુબુદ્ધિમાં કઈ નયથી ભેદ પાડું ? આહાહા ! દિગંબર સંતોના શબ્દો પણ ગજબ છે. બે–ચાર શબ્દો હોય પણ ઠેઠ અંદર ઉતારી દે. કહે છે કે બેમાં કઈ નયથી ભેદ પાડું ?

નિગોદમાંથી ક્યારેય નહીં નીકળેલા જીવો અને સિદ્ધના જીવો તેમનામાં કઈ નયથી હું ભેદ જાણું ?–અંતરની મહિમાની વાત છે. ચૈતન્યશક્તિવાન જેને પ્રગટ દશામાં જાણવામાં આવ્યો તેને બધાં ભગવાન ભાસે છે; તો કઈ નયથી તેઓમાં ભેદ ભાસે ? દિવ્યધ્વનિ એમ કહે છે કે કુબુદ્ધિ–સુબુદ્ધિમાં ભેદ કઈ નયથી પાડું ? મુનિરાજ કહે છે એ ભગવાન જ કહે છે. મુનિરાજ કહે છે તે ભગવાનથી કાંઈ ફેર પાડીને કહેતા નથી. ભગવાનની વાણીમાં આવ્યું કે કુબુદ્ધિઓ ને સુબુદ્ધિઓમાં કઈ નયથી બચાવ કરીને ભેદ પાડું ?

આહાહા! એટલી ગંભીરતા ભાસે છે કે શબ્દોમાં કહી શકાતી નથી. સિદ્ધમાં ને તારામાં કાંઈ ભેદ કઈ નયથી જાણું? એ બેમાં કાંઈ પણ ભેદ કાંઈ પણ જુદાઈ, કઈ નયથી જાણું? એકલો ધ્રુવ પરમાત્મા પરમેશ્વર દૃષ્ટિમાં તરે તો હું કઈ નયથી હીનતા જાણું? એક સમયનો ફેર પડે છે તો તે ફેરને હું કઈ રીતે જાણું? એક સમયના અંતરમાં મિથ્યાત્વમાંથી સમકિત થઈ જાય છે, અંદર મિથ્યાત્વ હતું જ ક્યાં? અંદર જે હતું તે નીકળ્યું.

વ્યવહારનય તો કથનમાત્ર છે તેમ કળશટીકામાં કહ્યું છે. અહીં કહે છે કે વસ્તુમાં કાંઈ ફેર નથી. અરે! અમે તને કહીએ છીએ કે તારામાં હીણપ ન દેખ! કઈ નયથી તારામાં હું હીણપ દેખું? સિદ્ધ કરતાં અલ્પતાં તારામાં કઈ નયથી દેખું? પોતાને દેખતા બીજી કાંઈ ચીજ અમને દેખવામાં આવતી નથી તો બીજામાં પણ સિદ્ધ ને સંસારીમાં ભેદ કઈ નયથી જાણું? આહાહા! ગજબ વાત છે. —પૂજ્ય ગુરુદેવ

## ચેત....! ચેત....! નર ચેત!

બે-ચાર કલાક શાસ્ત્રનું વાંચન જોઈએ, એનું શ્રવણ જોઈએ, ચિંતવન જોઈએ. સત્ સમાગમમાં બે-ચાર કલાક ગાળવા જોઈએ, એ જેને નથી ને વેપાર ધંધાના લોહવાટમાં આખો દિવસ જાય છે એને તો એકલું પાપ છે. એથી તો કહ્યું હતું કે જેઓ પૈસાવાળા છે તેને પૈસાથી મદ થાય છે, મદથી મતિ ભ્રષ્ટ થાય છે, મતિ ભ્રષ્ટથી પાપ કરીને તિર્યંચમાં જાય છે. માંસ દારૂ ખાનારા તો નરકમાં જાય છે પણ જૈનને તો તે હોય નહીં અને વેપાર આદિના લોહવાટના પાપભાવ આડે પુણ્યભાવના પણ જેને ઠેકાણાં નથી એ બધા ઢોરમાં જવાના છે. પા અડધો કલાક પૂજાદિ કરીને આંખો દિવસ પાપના કાર્યોમાં રોકાય એમાં દિ' શું વળે? હંમેશા બે વખત જમવાનું ને બે વખત ચા જોઈએ તેમ હંમેશા ચાર કલાક વાંચન આદિ કરવું જોઈએ. વાંચન-શ્રવણ-મનન આદિથી આત્માર્થને પોષણ આપવું જોઈએ.

—પૂજ્ય ગુરુદેવ

હે જ્ઞાનના ઇચ્છક પુરુષ! સાંભળ!
મિથ્યાત્વાદિ ભાવકર્મને પુદ્ગલદ્રવ્ય જો કરે તો ભલે કરે
તેમાં જીવને શું આવ્યું?

શ્રી સમયસારની ગાથા ૧૦૯–૧૧૨ માં કહે છે કે હે જ્ઞાનના ઇચ્છક પુરુષ! સાંભળ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સંયોગીકેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે તેઓ જ વ્યાપ્ય-વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવકર્મને જો કરે તો ભલે કરે! જીવને તેમાં શું આવ્યું? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય છે. આહાહા! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પ-કાળમાં ટળી જવાના છે, તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્ગલ છે. શુદ્ધ જીવ કર્તા નથી. આહાહા! સંયોગી કેવળી ગુણસ્થાનને પણ અચેતન કહ્યું! હે જ્ઞાનના ઇચ્છક શ્રોતા, સાંભળ!—એમ કહીને આ ગાથામાં અપૂર્વ વાત કરી છે, અહીં તો એવો જીવ લીધો છે કે જેને હજુ મિથ્યાત્વ છે, આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે તેનો હજી વિશ્વાસ આવ્યો નથી, તેને વિશ્વાસ કરાવે છે. મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનો છે તે અશુદ્ધ નિશ્ચયથી જીવના પરિણામ છે, પર્યાયમાં પોતાની યોગ્યતાથી થાય છે તેને વ્યવહાર કહીને શુદ્ધ જીવમાં નથી તેથી તે અત્યંત અચેતન હોવાથી પુદ્ગલના કહ્યાં છે. એ મિથ્યાત્વાદિ ભાવકર્મને થોડો કાળ પુદ્ગલદ્રવ્ય કરે તો ભલે કરે! એમાં શુદ્ધ જીવને શું આવ્યું?–કાંઈ જ નહીં. થોડા જુના આસ્રવો છે તે નવા આસ્રવોને કરે તો કરો!—એ બધો પુદ્ગલકર્મનો પાક છે, તેને શુદ્ધ જીવદ્રવ્ય કેમ કરે? આહાહા! શુદ્ધજીવ એ મિથ્યાત્વાદિ ભાવકર્મને કરતો નથી અને ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી વેદતો પણ નથી. અહીં તો શુદ્ધ જીવને નિરાળો સિદ્ધ કરવો છે આત્મા તો આનંદનો

ઢગલો છે, જ્ઞાનનો ઢગલો છે, શાંતિનો ઢગલો છે, એ રાગાદિ અચેતન ભાવોને કેમ વેદે—ભોગવે? અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો ચૈતન્ય છે તે રાગને કેમ વેદે? ભલે હજુ છે તો મિથ્યાત્વ, પણ એ મિથ્યાત્વભાવને પુદ્‌ગલદ્રવ્ય કરે તો કરો!—એમાં જીવને શું?! થોડો કાળ મિથ્યાત્વ છે તે નાશ થવાનું છે એવા જીવની વાત કરે છે. અહીં સાંભળનાર જિજ્ઞાસાથી સાંભળે છે તેને દ્રવ્ય ઉપર લક્ષ કરાવવા, મિથ્યાત્વાદિ ભાવનો કર્તા પુદ્‌ગલ છે તેમ કહીને, શુદ્ધ જીવ કે જે અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો છે તેની દૃષ્ટિ કરાવે છે. આહાહા! આ તો અધ્યાત્મના અંતરના માખણની વાતો છે, ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે.

—પૂજ્ય ગુરુદેવ

## કેવળ જ્ઞાયક તે જ હું

સ્વભાવથી જ હું જ્ઞાયક હોવાને લીધે સમસ્ત વિશ્વ સાથે મારે જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ છે, પરંતુ આ જ્ઞેય ઇષ્ટ-અનિષ્ટ છે કે જ્ઞેયના લઈને જ્ઞાન થાય છે કે આ જ્ઞેય મારું ને હું તેનો સ્વામી એવો કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. જ્ઞાયકનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી લોકાલોક જાણે કે જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય એમ એક ક્ષણમાં જ જાણી લ્યે છે. આવા જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધને લીધે એકીસાથે અનંતા જ્ઞેયોને અનંતપણે જાણવા છતાં જ્ઞાયક તો સદાય જ્ઞાયકપણે જ—એકરૂપપણે જ રહ્યો છે. અનાદિથી જ્ઞાયક તો જ્ઞાયકભાવે જ રહ્યો છે, પણ મિથ્યાત્વને લઈને અન્યથા મનાય રહ્યો છે, તેથી એ મિથ્યાત્વને મૂળથી ઉખેડીને સ્વભાવથી જ જ્ઞાયક એવા આત્મતત્ત્વના જ્ઞાનપૂર્વક શુદ્ધાત્મામાં પ્રવર્તવા સિવાય અન્ય કાંઈ કરવા યોગ્ય નથી.

—પૂજ્ય ગુરુદેવ

# બલિહારી શ્રુતજ્ઞાનની કે આત્માની?

ભૂત-ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. એ અપેક્ષાએ ભૂતાર્થ છે. વિદ્યમાન છે, આહાહા! જે થઈને ગઈ તથા જે થઈ નથી તે વર્તમાનમાં નથી માટે અવિદ્યમાન છે છતાં તે જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે ભૂતાર્થ છે જ્ઞાનનો વિષય પ્રત્યક્ષ છે માટે વિદ્યમાન છે. ભૂત ને ભવિષ્યની પર્યાયો વર્તમાનમાં નથી છતાં ભગવાન આત્મા જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે. નથી તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે. તે અપેક્ષાએ ભૂતાર્થ છે. અનંત અનંત પર્યાયો વીતી ગઈ ને હજુ ભવિષ્યમાં અનંત અનંત પર્યાયો થશે છતાં આત્મવસ્તુ છે એ તો સદાય પૂરણ જ્ઞાનમય છે. એ પૂરણ જ્ઞાનમય વસ્તુની દૃષ્ટિ કરીને પૂરણ જ્ઞાન પ્રગટ કરતાં એ જ્ઞાન ભૂત-ભવિષ્યની જે પર્યાયો વર્તમાનમાં નથી તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે માટે નથી તેને ભૂતાર્થ છે એમ કહ્યું, તો આ ભગવાન આત્મા તો એક સમયમાં ભૂતાર્થ છે તો તેને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ કેમ ન કરે? જે પર્યાયો વર્તમાનમાં નથી તેને જ્ઞાન પ્રત્યક્ષ કરે છે તો આ ભગવાન આત્મા તો વર્તમાનમાં ભૂતાર્થ છે, તેને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ કેમ ન કરે? જે વર્તમાન વિદ્યમાન નથી તેને પૂરણ જ્ઞાન વિષય બનાવીને પ્રત્યક્ષ કરે છે તો જે વર્તમાન વિદ્યમાન છે એવી ભૂતાર્થ ચૈતન્યવસ્તુને વર્તમાન ભાવશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ કરે એ તો એનો સ્વભાવ છે. પ્રત્યક્ષ થવું એવો એનામાં ગુણ છે, એવો એનો સ્વભાવ છે. -તો પછી શ્રુતજ્ઞાનની બલિહારી કે આત્માની?-શ્રુતજ્ઞાનની બલિહારી! કેમ કે 'આત્માની બલિહારી છે'—એમ શ્રુતજ્ઞાનમાં જાણે છે ને! માટે શ્રુતજ્ઞાનની બલિહારી છે. આહાહા! ભગવાન આત્મા જે વસ્તુ છે તે પ્રત્યક્ષ-પ્રતિભાસમય છે એમ શ્રી સમયસારની ૩૨૦ મી ગાથામાં કહ્યું. કેમ કે એનું સ્વરૂપ જ એવું છે કે એ શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય. ભાઈ! તું ભૂતાર્થ ચીજ છો. જે અભૂતાર્થ છે એવી ભૂત-ભવિષ્યની પર્યાયને જ્ઞાન પ્રત્યક્ષ કરે માટે તેને છે એમ કહ્યું તો તું તો છો ને!-વિદ્યમાન છો ને!

જે નથી તેને જ્ઞાન ભૂતાર્થ કરે-પ્રત્યક્ષ જાણે તો પ્રભુ તો વિદ્યમાન છે, તેને મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ કેમ ન કરે?

ભૂત-ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી માટે એ પર્યાયની અપેક્ષાએ તો અવિદ્યમાન જ છે, પણ જ્ઞાને તેને વર્તમાનવત્ પ્રત્યક્ષ કરી માટે ભૂતાર્થ કહ્યું છે, તો આ ભગવાન આત્મા તો વર્તમાન ભૂતાર્થ છે, સકળ નિરાવરણ અખંડ એકરૂપ પ્રત્યક્ષ-પ્રતિભાસમય વર્તમાનમાં ભૂતાર્થ છે, તો એ ભગવાન આત્મા વર્તમાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય? વર્તમાનમાં છે અને તેનો સ્વભાવ પ્રત્યક્ષ થવાનો છે તો એ વર્તમાનમાં જ્ઞાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય? જરૂર થાય. —પૂજ્ય ગુરુદેવ

—o—

## ભવ્યોએ કર્ણરૂપી ખોબાથી પીવાયોગ્ય અમૃત

સર્વજ્ઞ ભગવાને કહેલાં પરમાગમના વચનો કેવાં છે તે આચાર્યદેવ કહે છે. પરમાગમના વચનો પૂર્વાપર વિરોધ વગેરે દોષોથી રહિત છે, પાપ ક્રિયાશૂન્ય હોવાથી શુદ્ધ છે અને ભવ્યોએ કર્ણરૂપ ખોબાથી પીવા યોગ્ય અમૃત છે. એ પરમાગમ મહા આનંદના લાભરૂપ મુક્તિરૂપી સુંદરીને બતાવનાર હોવાથી દર્પણ સમાન છે, સંસારસમુદ્રમાં ડૂબતા ભવ્ય જીવોને હસ્તાવલંબન તુલ્ય છે; તે વૈરાગ્યરૂપી મહેલનો શિખામણિ છે કેમકે સ્વ પદાર્થનો મહિમા બતાવી પર પદાર્થથી ઉદાસીનતા કરાવે છે. શુભાશુભ ભાવોથી પણ તે વૈરાગ્ય કરાવે છે; જેનો કદી અનુભવ થયો નથી એવા મોક્ષમહેલનું પણ તે પ્રથમ પગથિયું છે; વળી તે કામભોગથી ઉત્પન્ન થતાં રાગરૂપ અંગારા વડે શેકાતા દીનજનોના મહા-ક્લેશનો નાશ કરવા માટે પાણીથી ભરેલાં વાદળાં સમાન છે. એવાં તે પરમાગમમાં સાત તત્ત્વો અને નવપદાર્થો બતાવ્યા છે. તેને યથાર્થ જાણીને ભવ્ય જીવ અમૃતસ્વરૂપ નિજ આત્મામાં અંતર્મુખ થાય છે. —પૂજ્ય ગુરુદેવ

# પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.

પ્રગટ સદાય કલ્યાણમય–શિવમય એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. ચૈતન્યપ્રભુ તો અનંત અનંત અમૃતનો દરિયો છે. સદાય કલ્યાણમય છે. એવા પરમાત્માને વિષે ધ્યાનાવલી હોવાનું શુદ્ધપર્યાયો હોવાનું શુદ્ધનય કહેતો નથી. ધ્યાનપરિણતિ એ પર્યાય છે, એ શુદ્ધ પર્યાયો નવી નવી પ્રગટે છે અને આત્મા તો સદાય–ત્રિકાળ કલ્યાણમય શુદ્ધ જ છે, એના વિષે ધ્યાન કરવું, ધ્યાનનું વધવું, એવી ધ્યાનાવલી શુદ્ધનય કહેતો નથી. અમે તો સદાય કલ્યાણમય શુદ્ધ જ છીએ—એમ શુદ્ધનય જાણે છે. ભગવાનને રંજન કર એટલે ભગવાન આત્માનું ધ્યાન કર, આત્મામાં એકાગ્રતા કર–એમ શુદ્ધનય કહેતો નથી. ધ્યાનાવલી એટલે ધ્યાનની ધારા એ તો પર્યાય છે એ પર્યાયો –પરમાત્મતત્વને વિષે હોવાનું શુદ્ધનય કહેતો નથી.

આહાહા! ભગવાન તારામાં દેહ-મન-વાણી તો નથી જ અને રાગ પણ તારામાં નથી પણ અહીં તો એથી ઊંડી વાત કરે છે કે તારામાં શુદ્ધપર્યાય પ્રગટે છે, શુદ્ધપર્યાય વધે છે, પૂર્ણ શુદ્ધપર્યાય થાય છે–એવી ધ્યાનાવલી તારામાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. કેમકે તું તો ત્રિકાળીતત્ત્વ સદાય કલ્યાણસ્વરૂપ શુદ્ધ જ છે. અરે આ પંચમઆરો છે ને સભાને જોઈને વાત કરો! અરે ભાઈ! સાંભળ...સાંભળ! અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ. ભગવાન આત્મા સદાય આનંદમય, સદાય વીર્યમય, સદાય શિવમય એવું પરમાત્મતત્ત્વ છે તેના વિષે દયા-દાન આદિ કરવાનું કહેતા તો લજ્જા આવે છે. અરે! તું એવડો મોટો પરમાત્મસ્વરૂપ સદાય કલ્યાણમય છે, કે તારામાં ધ્યાન કરવાનું કહેતાં પણ લજ્જા આવે છે.

આહાહા! દિગંબર સંતોની વાણી જુઓ! મારફાડ કરતી ત્રિકાળી

ચૈતન્યતત્ત્વને બતાવે છે. આહાહા! શુદ્ધનય ધ્યાન કરવાનું પણ કહેતો નથી. શુદ્ધનય પર્યાયને કબૂલતો નથી એ તો સદાય આનંદસ્વરૂપ શુદ્ધ પરમાત્મતત્ત્વને જ સ્વીકારે છે. આહાહા! ભાઈ તારા પૂર્ણ પ્રભુની વાત તો જો! બધાય આત્માઓ સદાય કલ્યાણમય જ છે પણ એ વાત બહુ થોડાને બેસે છે. આહાહા! ધ્યાનાવલીની પર્યાયો જે ધર્મધ્યાન શુકલધ્યાન આદિ નિર્મળ પર્યાય કેવળજ્ઞાનની પર્યાય છે એને પણ શુદ્ધનય સ્વીકારતો નથી. ધ્યાનાવલીની પર્યાયો હોવાનું માત્ર વ્યવહારનયે સતત કહ્યું છે. પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું શુદ્ધનય કબૂલતો નથી. પર્યાયમાં કેવળજ્ઞાન ને સિદ્ધદશા થઈ જાય એને પણ શુદ્ધનય કબૂલતો નથી—સ્વીકારતો નથી. એ પર્યાય આત્મામાં હોવાનું માત્ર વ્યવહારનયે સતત કહ્યું છે. દયા-દાન-વ્રતાદિ વ્યવહાર મોક્ષનું કારણ કથનમાત્ર છે અને ધ્યાનાવલી શુદ્ધ પર્યાય એ મોક્ષનું ખરેખર કારણ છે તોપણ શુદ્ધનય એ પર્યાયને કબૂલતો નથી—સ્વીકારતો નથી.

—પૂજ્ય ગુરુદેવ ❋ ❋ ❋

## ❋ મુંબઈ શહેરમાં આધ્યાત્મિક જૈન શિક્ષણ શિબિરનું આયોજન ❋

શ્રી બૃહદ્ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ મુંબઈનાં ઉપક્રમે તા. ૧-૫-૧૯૮૨ થી ૧૦-૫-૧૯૮૨ સુધી ૧૦ દિવસનો ધાર્મિક શિક્ષણ શિબિરનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આ મંગલ પ્રસંગે વિદ્વાન પંડિત શ્રી લાલચંદભાઈ મોદી, પંડિત શ્રી ડૉ. હુકમચંદજી ભારિલ્લ, પંડિત શ્રી બાબુભાઈ મહેતા વિગેરે અનેક વિદ્વાનોનાં પ્રવચનોનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીનાં વીડીયો પ્રવચનોની ફીલ્મ તથા પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં ઉજવાયેલ પંચકલ્યાણકની ફીલ્મો બતાવવામાં આવશે.

તેમ જ ઘાટકોપરની પ્રસિદ્ધ ભજન મંડળીનાં ભજનો યોજવામાં આવશે.

આ પ્રસંગે પધારી સૌને લાભ લેવા અમારું હાર્દિક આમંત્રણ છે.

કાર્યક્રમ સ્થળઃ—
શ્રી દશાશ્રીમાળી કમાણી વાડી
૫૪૨, ચીરા બજાર ગીરગામ
મુંબઈ ૪૦૦૦૦૨

કાર્યાલયઃ—
શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ મુંબઈ
૧૭૩/૧૭૫ મુંબાદેવી રોડ
મુંબઈ ૪૦૦૦૦૨ ફોન ૩૨૫૨૪૧-૩૪૬૦૯૯

—ચીમનલાલ હિંમતલાલ શાહ
—પ્રમુખ, શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ, મુંબઈ

નોંધઃ—બહારગામથી પધારનાર માટે ઉતરવાની નિઃશુલ્ક તથા જમવાની સઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે. આવનાર મુમુક્ષુઓને ખાસ વિનંતી કે તેઓના આગમનની તુરત જાણ કરે.

# પહેલાં દર્શનવિશુદ્ધિ કર !

હું કારણ હોયા વિના પણ શરીર, વાણી ને મન કારણવાળા હોવાથી તેઓ પોતાના વડે ખરેખર કરાય છે.

શરીર, વાણી ને મનને આધારભૂત અચેતનદ્રવ્ય છે ને હું તે નથી અર્થાત્ હું અચેતનદ્રવ્ય નથી. તેથી મારા આધાર વિના પણ તેઓ પોતાને ધારી રાખે છે એટલે કે આ શરીરને હું બરાબર સાચવું તો રહે એમ છે જ નહીં. શરીર, વાણી ને મનનું કારણ તો અચેતનદ્રવ્ય છે, તેથી હું કારણ હોયા વિના પણ તેઓ ખરેખર કારણવાળા છે. માટે મારી કાળજીના કારણે શરીર નીરોગ રહે છે કે મારા કારણે ભાષા મધુર બોલાય છે એમ બિલકુલ છે જ નહીં.

અહીં તો એકક્ષેત્રે નજીક રહેલાં શરીર, વાણી ને મનના કર્તા, પ્રેરક કે અનુમોદક પણ તું નથી એ વાત છે. આત્માના ક્ષેત્રથી દૂર રહેલા પરદ્રવ્યના કર્તાપણાની વાત તો ક્યાં છે જ? પણ જે નજીક રહેલાં છે એવા, શરીર, વાણી ને મન ખરેખર કારણવાળા હોવાથી તેઓ સ્વતંત્રપણે તેમના વડે ખરેખર કરાય છે. હાલવા-ચાલવા બોલવાદિની ક્રિયા તેના અચેતન દ્રવ્ય વડે ખરેખર કરાય છે, હું કર્તા હોયા વિના પણ તેઓ ખરેખર કરાય છે જ. તે તે સમયે તેના ક્રમબદ્ધમાં જે જે વિવિધ અને વિચિત્ર અવસ્થા થવાની છે તે તેના અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય જ છે, તેથી તેનો હું કર્તા તો નથી પણ તે તે ક્રિયા થાય તેનો હું આયોજક પણ નથી. ધંધાદિના કાર્યનો તો હું આયોજક છું જ નહીં પણ શરીર. વાણી ને મનની જે ક્રિયા થાય તે ક્રિયાનો પણ હું આયોજક નથી. મારી પ્રેરણાથી સત્યવાણી બોલાય છે તેમ છે જ નહીં.

સ્પષ્ટ, મધુર કે મોટેથી બોલવાની ક્રિયા થાય કે ઝડપથી ધીમેથી ચાલવાની ક્રિયા થાય કે શરીર તંદુરસ્ત થવાની ક્રિયા થાય તેનો કર્તા તો આત્મા છે જ નહીં પણ તે તે ક્રિયા તેના અચેતનદ્રવ્યથી થઈ તે મારી

પ્રેરણાથી—મારા આયોજનથી થઈ છે તેમ પણ નથી. એ તો ઠીક, પણ તે તે ક્રિયા થઈ તેનો અનુમોદન કરનાર પણ હું નથી. ભગવાનના દર્શન-પૂજન-ભક્તિમાં શરીરની જે ક્રિયા થઈ તે ઠીક થઈ—એવો અનુમોદક પણ હું નથી. કેમ કે એ તો અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય જ છે. ભાઈ! શરીર-વાણી ને મનની જે જે ક્રિયા થાય તેનો પ્રેરક કે અનુમોદક તું નથી તું તો તેને જાણનારો જ્ઞાયક પ્રભુ છો.

એકક્ષેત્રમાં રહેલાં શરીર-વાણી ને મનની વિવિધ અને વિચિત્ર પર્યાયો એના કાળે એના જન્મક્ષણે થાય છે, એનો આધાર હું નથી, કર્તા પણ હું નથી, કારણ પણ નથી, પ્રયોજક પણ નથી અને એના કાળે પુદ્‌ગલથી થતી પર્યાયનો અનુમોદક પણ હું નથી. હું તો તેના કાળે થતી પુદ્‌ગલ પર્યાયનો જ્ઞાતા જ છું—આવી પહેલી દર્શનવિશુદ્ધિ થવી એ ભવભ્રમણના નાશનું કારણ છે.

—પૂજ્ય ગુરુદેવ

* * *

"દિગંબર જૈન મુમુક્ષુ મંડળ મણીનગર—અમદાવાદ"

શ્રી સીમંધર સ્વામી દિ. જિન મંદિરની વેદી પ્રતિષ્ઠા સં. ૨૦૩૮ વૈશાખ વદ ૯–૧૦–૧૧ તા. ૧૭/૧૮/૧૯/૫/૮૨ ના રોજ નક્કી થઈ છે. તે પ્રસંગે વિદ્વાન પં. શ્રી લાલચંદભાઈ મોદી, પં. શ્રી બાબુભાઈ મહેતા ફતેપુર, ડૉ. શ્રી હુકમચંદજી ભારિલ્લ વિગેરે વિદ્વાનોના પ્રવચનનો પણ ગોઠવવામાં આવેલ છે. * * *

* ગતાંકની શુદ્ધિઃ—પાનું-૨૯, લીટી ૨૫ મી, રૂા. ૧૫૧ ના બદલે રૂા. ૫૦૧ સુધારવા.

—☀—

* પં. શ્રી નવલચંદભાઈ જે. શાહ (સોનગઢ) તા. ૨૧–૨–૮૨ થી તા. ૩૧–૩–૮૨ દરમિયાન મદ્રાસ, બેંગલોર, હૈદરાબાદ, સીકંદરાબાદ, શોલાપુર, મલાડ, સુરત, વડોદરા અને સરાર પ્રવચન કરવા ગયા હતા. ધર્મ-પ્રભાવના થઈ હતી. * * *

* પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોના પ્રચાર અર્થે *

મોરબીનિવાસી (હાલ નાગપુર) શ્રી ફુલચંદભાઈ હંસરાજભાઈ દોશી તરફથી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ સુવર્ણ જયંતીની ખુશાલીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોના પ્રચાર અર્થે એક કેસેટ-ટેપ-રેકોર્ડર ભેટ આપવામાં આવેલ છે.

## * આવડતના અભિમાનને રસ્તે ચઢીશ નહીં *

ભાઈ! તું ચેતીને રહેજે. મને આવડત છે—એમ આવડતની હૂંફના અભિમાનને રસ્તે ચડીશ નહીં. વિભાવના રસ્તે તો અનાદિનો ચડેલો જ છો. અગિયાર અંગના જ્ઞાનમાં, ધારણામાં તો બધું આવ્યું હતું પણ શાસ્ત્રની ધારણાના જ્ઞાનની અધિકતા કરી પણ આત્માની અધિકતા કરી નહીં. ધારણાજ્ઞાન આદિના અભિમાનથી રોકવા માટે ગુરુ જોઈએ, માથે ટોકનાર ગુરુ જોઈએ. આવડતના અભિમાનથી દુનિયાને રાજી કરે ત્યારે દુનિયા એને મોટો કહે, મોટો માને, એથી એ પોતે પણ પોતાને મોટો માની અભિમાન સેવે, પણ જો માથે ગુરુ હોય તો એ અભિમાન થતાં ટોકીને પાછો વાળે છે. એક તો પોતાની લગામ જોઈએ એટલે કે બહારની આવડત એ મારી ચીજ નથી એમ સમજે—વિચારે ને એનાથી પાછો વળવા પ્રયત્ન કરે અને બીજી ગુરુની લગામ જોઈએ—એટલે કે ગુરુ પણ એ આવડત આદિના અભિમાનથી ટોકીને—રોકીને પાછો વાળે. પ્રભુ! આવડતના અભિમાનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના ભાવથી—બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં આત્માર્થીને લાભ છે. આવડતના કારણે લોકો માન—સન્માન—સત્કાર કરે પણ એ પ્રસંગોથી આત્માર્થીએ દૂર ભાગવા જેવું છે. એ માન—સન્માનના પ્રસંગો નિઃસાર છે. કાંઈ હિતકર નથી. એક આત્મસ્વભાવ જ સારભૂત ને હિતકારી છે. માટે આવડતના અભિમાનથી દૂર ભાગી આત્મસન્મુખ જ વળવા જેવું છે. —પૂજ્ય ગુરુદેવ

## * શ્રીગુરુની આજ્ઞા *

જીવોને મોક્ષ સિવાય કોઈપણ વસ્તુ સુખનું કારણ નથી. આત્માની પરમ પવિત્રતા એક જ સુખનું કારણ છે, પરમ સુખરૂપ છે. સ્ત્રી—કુટુંબ—ધન આદિ પરવસ્તુ છે, તેમ દેવ-શાસ્ત્ર—ગુરુ પણ પરવસ્તુ છે, તે સુખનું કારણ નથી. મોક્ષનો ઉપાય એકમાત્ર આત્મધ્યાન છે. માટે હે ભાઈ! સુખની પ્રાપ્તિ અર્થે આત્મધ્યાન કર. —પૂજ્ય ગુરુદેવ.

## પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ સુવર્ણ જયંતી પ્રસંગે દાનમાં જાહેર થયેલી રકમો :—

સમ્યક્ સુવર્ણ જયંતી પ્રસંગે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરા–માણેક મોતીથી વધાવવાની ખુશાલીમાં નીચે મુજબની દાનરાશિ જાહેર થઈ હતી.

| રૂપિયા | | નામ |
|---|---|---|
| ૭૦૫૦ | [ ૧૪૧×૫૦ ] | શ્રી જડાવબેન નાનાલાલ કાળીદાસ જસાણીના પરિવાર તરફથી |
| ૭૫૦૧ | [ ૧૫૦×૫૦ ] | શ્રી સ્વ. ચીમનલાલ ભાઈલાલ ડેલીવાળાના પરિવાર તરફથી |
| ૬૨૫૦ | [ ૧૨૫×૫૦ ] | શ્રી નિર્મળાબેન કવરચંદજી સનાવાદ તરફથી |
| ૬૦૫૦ | [ ૧૨૧×૫૦ ] | શ્રી શાંતિભાઈ તથા કાંતિલાલ ગીરધરલાલ જોડિયાવાળાના પરિવાર તરફથી |
| ૫૫૦૦ | [ ૧૧૦×૫૦ ] | શ્રી શાંતાબેન ગુલાબચંદભાઈ ટોળિયાના પરિવાર તરફથી |
| ૫૫૦૦ | [ ૧૧૦×૫૦ ] | શ્રી હંસાબેન ધીરજલાલ તંબોળીના પરિવાર તરફથી |
| ૫૦૫૦ | [ ૧૦૧×૫૦ ] | શ્રી બ્ર. ચંદુલાલ ખીમચંદભાઈ તથા તારાબેન ખીમચંદભાઈ ઓબાલીયા તરફથી |
| ૫૦૫૦ | [ ૧૦૧×૫૦ ] | મોરબી નિવાસી કાંતાબેન હિંમતલાલ મહેતા [ હાલ સોનગઢ ] તરફથી |
| ૫૦૦૦ | [ ૧૦૦×૫૦ ] | શ્રી શાહ જગજીવનદાસ ચતુરભાઈની સુપુત્રીઓ બ્ર. શારદાબેન તથા બ્ર. શુશીલાબેન તરફથી |
| ૫૦૦૦ | [ ૧૦૦×૫૦ ] | શ્રી નથુભાઈ પરષોત્તમદાસ જામનગરવાળા તરફથી |
| ૩૦૦૦ | [ ૬૦×૫૦ ] | શ્રી ધીરૂભાઈ પુરુષોત્તમ દેસાઈ તથા બ્ર. ગુણીબેન પાનાચંદ અડતાળા તરફથી |
| ૩૦૦૦ | [ ૬૦×૫૦ ] | શ્રી ત્રીવેણીબેન નરોતમદાસ ભલાણી, શ્રી મંજુલાબેન શીવલાલ ડગલી તથા અનીલભાઈ અનુપમચંદ ઉદાણી તરફથી |
| ૩૦૦૦ | [ ૬૦×૫૦ ] | શ્રી મરઘાબેન મગનલાલ પારેખ હઃ મનહરભાઈ તરફથી |
| ૩૦૦૦ | [ ૬૦×૫૦ ] | શ્રી વિદ્યાબેન પોરબંદરવાળા તરફથી |
| ૩૦૦૦ | [ ૬૦×૫૦ ] | શ્રી મનોકાન્તાબેન સહરાનપુરવાળા તરફથી |
| ૨૫૦૦ | [ ૫૦×૫૦ ] | મંજુલાબેન તથા કુમારી ઈલાબેન નંદલાલ મહેતા હા. ગંગાબેન |
| ૨૫૦૦ | [ ૫૦×૫૦ ] | શ્રી નિર્મળાબેન હરીલાલ ભાયાણી તરફથી |
| ૨૫૦૦ | [ ૫૦×૫૦ ] | શ્રી અચરતબેન, ગુલાબબેન, શાંતાબેન તથા બ્ર. ચંદ્રપ્રભાબેન અને બ્ર. જશીબેન તરફથી. |
| ૭૫૦ | [ ૧૫×૫૦ ] | શ્રી વ્રજલાલ મગનલાલ શાહ જલગાંવ |

| રૂપિયા | | નામ |
|---|---|---|
| ૫૫૦ | (૧૧×૫૦) | શ્રી હસમુખરાય કાંતિલાલ ગાંધી તથા પરિવાર ભાવનગર |
| ૫૫૦ | ,, | શ્રી હિરાલાલજી જૈન ભાવનગર |
| ૫૦૦ | (૧૦×૫૦) | શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા સોનગઢ |
| ૫૦૦ | ,, | બ્ર. કોકીલાબેન ખારા તથા રૂપાબેન ખારા સોનગઢ |
| ૫૦૦ | ,, | શ્રી હીરાલાલ ભીખાલાલ દેહગામવાળા |
| ૨૫૦ | (૫×૫૦) | શ્રી ખીમચંદભાઈ છોટાલાલ ઝોબાળિયા સોનગઢ |
| ૨૫૦ | ,, | શ્રી વૃજલાલ જેઠાલાલ શાહ તથા પં. હિંમતભાઈ સોનગઢ |
| ૨૫૦ | ,, | શ્રી ડૉ. પ્રવીણભાઈ દોશી રાજકોટ |
| ૨૫૦ | ,, | શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી તથા ગીરધરલાલ ઠાકરશી મોદી મલાડ |
| ૨૫૦ | ,, | શ્રી લાલચંદ ગીરધરલાલ જોડીયાવાળા હા. કીશોરભાઈ તથા અશોકભાઈ |
| ૨૫૦ | ,, | શ્રી પોપટલાલ છગનલાલ શાહ લીંબડી |
| ૨૫૦ | ,, | શ્રી મહેન્દ્રકુમાર શાંતિલાલ શેઠ |
| ૨૫૦ | ,, | શ્રી વૃજલાલ કસળચંદ સંઘવી વાંકાનેર |
| ૨૫૦ | ,, | શ્રી ચંદુલાલ મોહનલાલ સુરેન્દ્રનગર |
| ૨૫૦ | ,, | શ્રી દિગમ્બર જૈન સંઘ રાજકોટ |
| ૨૫૦ | ,, | શ્રી પ્રભુલાલ મોહનલાલ ઘીયા રાજકોટ |
| ૧૫૦ | [૩×૫૦] | શ્રી વારિયા સુંદરજી વીરજીભાઈ જામનગર હસ્તે મહેન્દ્રભાઈ |
| ૧૫૦ | ,, | શ્રી જીવણદાસ મનુભાઈ સુરેન્દ્રનગર |
| ૧૫૦ | ,, | શ્રી ચિમનલાલ વિક્રમચંદ સંઘવી મુંબઈ |
| ૧૦૦ | [૨×૫૦] | શ્રી બ્ર. માલતીબેન તથા શુશીલાબેન હિંમતલાલ શાહ ભાવનગર |
| ૧૦૦ | ,, | શ્રી ફૂલચંદજી ઝાઝરી |
| ૧૦૦ | ,, | શ્રી વસંતરાય મણીલાલ શાહ ગોરેગાંવ |
| ૧૦૦ | ,, | શ્રી રતીલાલ માણેકચંદ સંઘવી મોરબી |
| ૧૦૦ | ,, | શ્રી ચંદુલાવ શીવલાલ સંઘવી અમદાવાદ |
| ૧૦૦ | ,, | શ્રી વઢવાણ દિગંબર જૈન મંડળ |
| ૧૦૦ | ,, | શ્રી જમનાદાસ |
| ૧૦૦ | ,, | શ્રી જયાબેન વારીયા મહુવા |
| ૧૦૦ | ,, | શ્રી કેશવલાલ વૃજલાલ કોઠારી |
| ૧૦૦ | ,, | શ્રી કેશવલાલ મહીજીભાઈ શાહ જલગાંવ |
| ૧૦૦ | ,, | શ્રી ચંદુલાલ પુરુષોતમ કામદાર ભાવનગર |
| ૧૦૦ | ,, | શ્રી મનસુખલાલ જીવણલાલ અમદાવાદ |
| ૧૦૦ | ,, | શ્રી વસંતકુમાર વીરચંદ માલદે મુંબઈ |

રૂપિયા નામ

૧૦૦ [ ૨×૫૦ ] શ્રી રતીલાલ મોહનલાલ ઘીયા રાજકોટ

૧૦૦ ,, શ્રી શશીભાઈ શેઠ ભાવનગર

૧૦૦ ,, શ્રી શીતલચંદ હીરાલાલ ખંડવા

૨૭૫૦ રૂા. [ ૧×૫૦ ] ની કુલ છૂટક રકમ

* * *

સમ્યક્ સુવર્ણ જયંતીની ખુશાલીમાં જાહેર થયેલી અન્ય દાનરાશિ :—

રૂપિયા નામ

૧૦૦૦૧ શ્રી સીમંધર સ્વામી જિનમંદિરની પ્રતિષ્ઠાના વાર્ષિક ઉત્સવ નિમિત્તે માહ વદ દસમથી ફાગણ સુદ બીજ સુધી અષ્ટાન્હિકા મહોત્સવ પ્રસંગે કાયમી મંડલ વિધાન પૂજા ખાતે.

૫૦૦૧ એક સદ્‌ગૃહસ્થ તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તરફથી

૫૦૦૦ કેટલાક બ્રહ્મચારી બહેનો તરફથી

૧૦૦૦૧ પરમ કૃપાળુ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની જન્મ-જયંતી મહોત્સવ પ્રસંગે કાયમી મંડલ વિધાન પૂજા ખાતે.

૫૦૦૧ શ્રી લલીતાબેન વ્રજલાલ શાહ જલગાંવવાળા તરફથી

૧૦૦૦ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા

૪૦૦૦ કેટલાક બ્રહ્મચારી બહેનો તરફથી

૧૦૦૦૧ શ્રી જડાવબેન નાનાલાલભાઈના પરિવાર તરફથી ભગવાન શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પ્રતિષ્ઠાનો વાર્ષિક દિન ફાગણ સુદ બીજના વાર્ષિક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે (માહ વદ ૧૦ થી ફાગણ સુદ ૨ સુધી) દર વર્ષે કાયમી મંડલ વિધાન પૂજા શ્રી નાનાલાલભાઈ કાળીદાસ જસાણી તથા શ્રી જડાવબેન નાનાલાલ જસાણીના નામથી.

૧૦૦૦૧ પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગળ સમ્યક્‌ત્વ જયંતીના ફાગણ વદ દસમના પાંચ દિવસના ઉત્સવ પ્રસંગે દર વર્ષે મંડલ વિધાન પૂજા શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણીના પરિવારના નામથી મુંબઈ

૮૦૦૧ શ્રી પરમાગમ મંદિરની પ્રતિષ્ઠાના મંગલ દિન ફાગણ સુદ તેરસના રોજ રૂા. ૮૦૦૧ ના વ્યાજની જે રકમ આવે તેટલી રકમના દાતાની ઇચ્છા મુજબના કોઈ પણ પુસ્તકો અડધી કિંમતે વેચવા માટે.

૭૦૦૦ કેટલાક બ્રહ્મચારી બહેનો તથા

૧૦૦૧ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તરફથી

[ આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો....................ટાઈટલ ૩ થી ચાલુ ]

૨. વળી આ શુભ-અશુભ-શુદ્ધોપયોગને જાણતો હતો, વા તેના ફળને જાણતો હતો, હવે પુરાણોમાં તે ઉપયોગોની પ્રવૃત્તિ તથા તેનું ફળ જીવોને જે થયું હોય તેનું નિરૂપણ કર્યું છે એ જ આ જાણવામાં ઉદાહરણરૂપ થયું. અહીં ઉદાહરણનો અર્થ એ છે કે—જેમ આ જાણતો હતો તેમ જ કોઈ જીવની અવસ્થા થઈ હોય તે આના જાણવામાં સાક્ષી થઈ.

૩. વળી જેમ કોઈ સુભટ છે તે સુભટોની પ્રશંસા અને કાયરોની નિંદા જેમાં હોય એવી કોઈ પુરાણપુરુષોની કથા સાંભળવાથી સુભટતામાં અતિ ઉત્સાહવાન થાય છે. તેમ ધર્માત્મા છે તે ધર્મીઓની પ્રશંસા અને પાપીઓની નિંદા જેમાં હોય એવી કોઈ પુરાણ પુરુષોની કથા સાંભળવાથી ધર્મમાં અતિ ઉત્સાહવાન થાય છે. એ પ્રમાણે આ પ્રથમાનુયોગનું પ્રયોજન જાણવું.

( પાનું ૨૭૨ )

૪. સરાગી જીવોનું મન કેવળ વૈરાગ્ય કથનમાં જોડાય નહિ તેથી જેમ બાળકને પતાસાના આશ્રયે ઔષધ આપીએ છીએ તેમ સરાગીને ભોગાદિકથનના આશ્રયે ધર્મમાં રુચિ કરાવીએ છીએ.

૫. જ્યાં ધર્મનું જ પ્રયોજન છે તથા જ્યાં ત્યાં ધર્મને જ પોષણ કરવામાં આવ્યો છે એવાં જૈનપુરાણાદિકોમાં પ્રસંગોપાત શૃંગારાદિકનું કથન કર્યું હોય તેને સાંભળતાં પણ જે ઘણો રાગી થયો તો તે અન્ય કયા ઠેકાણે વિરાગી થશે ?


૬. જેમ કામી પુરુષોની કથા સાંભળતા પોતાને પણ કામ્યપ્રેમ વધે છે તેમ ધર્માત્મા પુરુષોની કથા સાંભળતાં પોતાને પણ ધર્મમાં વિશેષ પ્રીતિ વધે છે. માટે પ્રથમાનુયોગનો અભ્યાસ કરવો યોગ્ય છે.

( પાનું ૨૯૧-૯૨ )

૭. બીજું પ્રથમાનુયોગાદિનો અભ્યાસ કરવો કહ્યો ત્યાં પહેલા આનો અભ્યાસ કરવો પછી આનો અભ્યાસ કરવો, એવો કોઈ નિયમ નથી પણ પોતાના પારણામોની અવસ્થા જોઈ જેના અભ્યાસથી પોતાને ધર્મમાં પ્રવૃત્તિ થાય તેનો જ અભ્યાસ કરવો, અથવા કોઈ વખત કોઈ શાસ્ત્રનો તથા કોઈ વખત કોઈ શાસ્ત્રનો અભ્યાસ કરવો. ( પાનુ ૩૦૫-૬ )

( આચાર્યકલ્પ પંડિત પ્રવર ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી–આવૃત્તિ ત્રીજી )

—૦—



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

## * જિનવાણીમાં પ્રથમાનુયોગનું મહત્વ *

(૧) સમ્યક્-શ્રુતજ્ઞાન પરમાર્થ વિષયનું કથન કરવાવાળા ચરિત્ર તથા પુરાણ કે જે પુણ્યવર્ધક અને બોધ તથા સમાધિનું નિધાન છે એવા પ્રથમાનુયોગને જાણે છે. (શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૪૩)

(૨) જેમાં એક પુરુષ સંબંધી કથા હોય તેને ચરિત્ર કહે છે અને જેમાં ત્રેસઠ શલાકા પુરુષો સંબંધી કથા હોય તેને પુરાણ કહે છે. ચારત્ર અને પુરાણ બન્નેને પ્રથમાનુયોગ કહેવામાં આવે છે.

આ પ્રથમાનુયોગ ઉપન્યાસની જેમ કલ્પિત અર્થનું વર્ણન ન કરતાં સત્ય હકીકતનું વર્ણન કરે છે તેથી તેને સત્-કથા કહે છે. તેના વાંચવાવાળા અને સાંભળવાવાળા જીવોને પુણ્યબંધ થાય છે તેથી તેને પુણ્ય-કથા કહે છે.

તે ઉપરાંત આ પ્રથમાનુયોગ બોધિ અર્થાત્ રત્નત્રયની પ્રાપ્તિ અને સમાધિ અર્થાત ધર્મ-ધ્યાન અને શુકલધ્યાનની પ્રાપ્તિનું નિધાન છે. સમ્યગ્જ્ઞાન આવા પ્રથમાનુયોગને જાણે છે.

(રત્નકરંડશ્રાવકાચાર, શ્રી પ્રભાચંદ્ર આચાર્યકૃત-ટીકા. ગાથા-૪૩)

(૩) ૧. જે જીવોને તત્ત્વજ્ઞાન થયું હોય તેઓ આ પ્રથમાનુયોગ વાંચે-સાંભળે તો તેમને આ તેના ઉદાહરણરૂપ ભાસે છે. જેમકે-જીવ અનાદિ નિધન છે તથા શરીરાદિ સંયોગી પદાર્થ છે-એમ આ જાણતો હતો. હવે પુરાણાદિકમાં જીવોનાં ભવાંતરનું નિરૂપણ કર્યું છે તે એ જાણવામાં ઉદાહરણરૂપ થયું.

(અનુસંધાન પાના ૩૪ ઉપર)





સંપાદક : નાગરદાસ બી. મોદી * તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ * [ વાર્ષિક લવાજમ રૂા. ૯–૦૦ ]